DIVYA BHASKAR
Ahmedabad, 23. February 2010

# બાંધકામ યૂઝફૂલ હોવું જોઈએ



સિટી રિપોર્ટર »

ભવ્ય ઇમારતો બધાને આકર્ષિત કરતી હોય છે પરંતુ ઇટલીના મોર્ડન આર્કિટેક્ટની વિચારધારા થોડી જુદી છે. ઇટલી અને રોમની ઐતિહાસિક ઇમારતોનું રિસ્ટોરેશન વર્ક કરી રહેલા ફેરરા યુનિવર્સિટીના આર્કિટેક્ટ પ્રો. સુઝાન પાસ્કાલી કહે છે, રોમની ભવ્ય ઇમારતો યૂઝલેસ હતી. તેઓ ઉમેરે છે, ઇમારતમાં રહેનારને વપરાશ માટે વધુમાં વધુ જગ્યા મળે તે રીતે બાંધકામ હોવું જોઇએ. રોમની ઇમારતોમાં છત જરૂરિયાત કરતાં ચાર ઘણી ઊંચી બનાવામાં આવતી હતી. આવી ઇમારતો ભવ્ય દેખાય છે પરંતુ ઉપયોગિતા ઓછી હોય છે. એનઆઇડી ખાતે ઇટલી અને રોમની ઐતિહાસિક ઇમારતોના રિસ્ટોરેશન પર સેમિનારમાં ભાગ લેવા વિદેશી વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો અમદાવાદ આવ્યા છે. શહેરની નવી હાઇરાઇઝ ઇમારતો વિદેશી આર્કિટેક્ટને જરાય નથી ગમતી. પ્રો. ડેવિડ ફર્મી કહે છે, કાચ ઇકો ફ્રેન્ડલી વસ્તુ નથી અને અમદાવાદ એક ગરમ શહેર છે. ઇમારતમાં કાચનો મહત્તમ ઉપયોગ કરવાથી ઇમારતનું તાપમાન સામાન્ય તાપમાન કરતાં વધી જાય છે જેને કારણે બિલ્ડિંગની કૂલિંગ સિસ્ટમ પર બિન જરૂરી લોડ પડે છે.